(સ. છા. વ.) – ૧૦૪ – ૫૦,૦૦૦ – ૪ – ૨૦૦૦, Civ. A 37 g.
G. P. C. Schedule I. Appr. D. No. 1

## <u>પ્રાથમિક હુકમનામું</u>

અસલ ફરિયાદીનું હુકમનામું
(ઓ. ૨૦, કા. – ૬ – ૭)
(ફોર્મ નં. ૧ પરિશિષ્ટ,
શેડયુલ – ૧).

## મહેમદાવાદના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં,
## મુકામ : મહેમદાવાદ. અહિ નિ.આંક–૫૮

## રે.દિવાની મુકદમો નંબર ૦૮ સને ૨૦૧૮

વાદી : ગુજરનાર માવાભાઈ હાસુભાઈના વારસો...

(૧) જેઠાભાઈ માવાભાઈ મકવાણા,
ઉ.વ.૭૪, ધંધો :ખેતી, રહે.ગોકુલનગર, મહેમદાવાદ, જી.ખેડા.

(૨) બબુભાઈ અજાભાઈ મકવાણા,
ઉ.વ.૭૬, ધંધો ખેતી/ઘરકામ,
રહે.રોહીતવાસ, મુ.આગરવા, તા.ઠાસરા, જી.ખેડા.

(૩) ડહીબેન ડાહ્યાભાઈ મકવાણા,

(૪) આનંદીબેન ડાહ્યાભાઈ મકવાણા,

(૫) મહેશભાઈ ડાહ્યાભાઈ મકવાણા,

(૬) ખુશાલભાઈ ડાહ્યાભાઈ મકવાણા,

(૭) ગુજરનાર કનુભાઈ ઉર્ફે ઈશ્વરભાઈ ડાહ્યાભાઈના વારસો

(એ) રમીલાબેન તે કનુભાઈ ઉર્ફે ઈશ્વરભાઈ ડાહ્યાભાઈની વિધવા

(બી) સગીર રેણુકાબેન કનુભાઈ ઉર્ફે ઈશ્વરભાઈની દીકરી,

(સી) સગીર મોનીકાબેન કનુભાઈ ઉર્ફે ઈશ્વરભાઈની દીકરી,
૭(બી), (સી)ના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે ૭(એ)
નં.૩ થી ૭(એ) ઉ.વ.પુખ્ત, ધંધો ખેતી/ઘરકામ,
રહે. ખેતરમાં, મુ.ચારણના મુવાડા રોડ, મુ.ઘોડાસર,
તા.મહેમદાવાદ, જી.ખેડા.

ગુજ.મોતીભાઈ હાસુભાઈના વારસો...

(૮) મુળજીભાઈ મોતીભાઈ મકવાણા,
ઉ.વ.૬૨, ધંધો ખેતી,
રહે.૩૦, સર્વોદય પાર્ક, ભીક્ષુકગૃહ પાછળ, ઓઢવ, અમદાવાદ.

(૯) મધુબેન મોતીભાઈ મકવાણા, ઉ.વ.૫૫, ધંધો ખેતી,
રહે. પ્રેમા અવતારની ચાલ, બીહારી મીલ સામે, ખોખરા, અમદાવાદ.

(૧૦) લાલીબેન મોતીભાઈ મકવાણા, ઉ.વ.૬૫, ધંધો : ખેતી,
રહે.ગોકુલનગર, મહેમદાવાદ, જી.ખેડા.

વિરુદ્ધ

પ્રતિવાદી : (૧) ગુજ.ડાહ્યાભાઈ હાસુભાઈના વારસો...
(૧) ગુજ.મીઠીબેન ડાહ્યાભાઈના વારસો..
(એ) પ્રવિણ ભાઈ કાનજીભાઈ મકવાણા,
(બી) ગીરીશભાઈ કાનજીભાઈ મકવાણા,
(સી) રમીલાબેન કાનજીભાઈ મકવાણા,
(ડી) દીનાબેન કાનજીભાઈ મકવાણા,
તમામ ઉ.વ.પુખ્ત, રહે.બલોલ, તા.મહુધા, જી.ખેડા.
(૨) ગુજ.ભાનુભાઈ ડાહ્યાભાઈના વારસો..
(એ) ભાનુમતીબેન ભાનુભાઈ ડાહ્યાભાઈ મકવાણાની વિધવા,
(બી) વનિતાબેન ભાનુભાઈ મકવાણા,
(સી) શિતલબેન ભાનુભાઈ મકવાણા,
તમામ ઉ.વ.પુખ્ત, રહે. :નૈમીનાથ સોસાયટી,
સીએમસી કંપની સામે, સુકાવેરાની બાજુમાં,
મકાન નં.૭,ઓઢવ, અમદાવાદ મો. ૯૬૨૪૩ ૬૯૮૦૪
(૩) વાલીબેન તે ડાહ્યાભાઈ મકવાણા તે
દેવાભાઈ પુજાભાઈ મકવાણાની સધવા
ઉં.વ.પુખ્ત, રહે.રોહીતવાસ, મરારા, તા.માતર, જી.ખેડા.
(૪) ખાનીબેન ડાહ્યાભાઈ મકવાણા તે
હીરાબેન કાનજીભાઈ મકવાણાની સધવા,
ઉ.વ.પુખ્ત, રહે.રોહીતવાસ, મુ.મહીસા, તા.મહુધા, જી.ખેડા,
(૫) નાનીબેન ડાહ્યાભાઈ મકવાણા તે જશુભાઈની વિધવા,
ઉ.વ.પુખ્ત, રહે.રોહીતવાસ, મુ.તા.જી.ખેડા.
(૬) ગુજ.પરસોતમભાઈ ડાહ્યાભાઈ મકવાણાના વારસો...
(એ) રંજનબેન પરસોતમભાઈ,
(બી) ભદ્રેશભાઈ પરસોતમભાઈ.
(સી) કામીનીબેન પરસોતમભાઈ,
(૭) ગુજ.દીનેશભાઈ ડાહ્યાભાઈ મકવાણાના વારસો..
(એ) પુષ્પાબેન દેવેન્દુભાઈ
(બી) નિલેશકુમાર દેવેન્દુભાઈ
તમામ ઉ.વ.પુખ્ત, રહે નેમીનાથ સોસાયટી,
સીએમસી કંપની સામે, સુકાવેરાની બાજુમાં,
મકાન નં.૭, ઓઢવ, અમદાવાદ.

(૨) લાલાભાઈ અજાભાઈ મકવાણા,
ઉ.વ.૬૪, ધંધો ખેતી,
રહે.રોહીતવાસ, મુ. ઘોડાસર, તા.મહેમદાવાદ, જી.ખેડા.

(૩) રમણ ભાઈ મોતીભાઈ મકવાણા,
ઉ.વ.પુખ્ત, ધંધો ખેતી, રહે.મકાન નં.૧૨૭૨, વિનોબાભાવે નગર,
મુ.હાથીજણ, તા.દસક્રોઈ, અમદાવાદ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ફરિયાદ દાખલ કર્યાની તારીખ : | ૦૨ | માહે | ૦૨ | સને | ૨૦૧૮ |
| ફરિયાદ ફેસલ કર્યાની તારીખ : | ૧૯ | માહે | ૦૧ | સને | ૨૦૨૪ |

વાદીઓ તરફે વિ.વકીલશ્રી એ.પી.સીધી
પ્રતિવાદી નં.૧/૨(એ),(બી),(સી),૧/૬(બી)(સી),૧/૭(એ),૧/૮(એ) તરફે
વિ.વ.શ્રી આર.આર.દેસાઈ
પ્રતિવાદી નં.૩ તરફે વિ.વ.શ્રી પી.ડી.મકવાણા
પ્રતિવાદી નં.૧/૧(એ), (સી), (ડી), ૧/૪, ૧/૬(એ) તરફે કોઈ હાજર નથી.

**દાવો રૂ.૧૫૭૪/- ના આંકથી વહેંચણી અંગેનું ડેકલેરેશન તેમજ કાયમી મનાઈ હુકમ મેળવવા અંગેનો....**

(૧) વાદીઓ દ્વારા હાલનો દાવો પ્રતિવાદીઓ વહેચણી અંગેનું ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા કરવામાં આવેલ છે.

વાદીના દાવાની સંક્ષિપ્ત હકીકત છે કે, મોજે મહેમદાવાદ તાલુકાના ઘોડાસર ગામના રેવન્યુ રેકર્ડ ચાલતા બ્લોક નં.૭૪-૧ વાળી ખેતીની જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૩૧-૫૨ ચો.મી. આકાર રૂા.૬-૮૪ પૈસાવાળી જમીન જેનો ખાતા નં.૨૪૬ છે તેવી જમીન વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાવાળી વડીલોપાર્જીત મીલકત ઉપરોકત દર્શાવેલ ઠેકાણે આવેલ છે. સદરહું મીલકત વાદીઓ તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મીલકત છે જેના ખુંટ ચારનું વર્ણન નીચે મુજબ છે.

પુર્વ : કાનજીભાઈ રત્નાભાઈ તથા ખોડાભાઈ ફુલાભાઈની જમીન આવેલ છે.

પશ્ચિમ: અશોકભાઈ રત્નાભાઈ તથા મહેન્દ્રસીંહ કેસરીસીહની જમીન આવેલ છે.

ઉત્તરે: કાનજીભાઈ રત્નાભાઈ તથા નાગરભાઈ મોરારભાઈની જમીન આવેલ છે.

દક્ષિણે : કાનજીભાઈ રત્નાભાઈ તથા નાગરભાઈ મોરારભાઈની જમીન આવેલ છે.

આમ, સદરહું દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીના વડીલ હાસુભાઈના વાલાભાઈની માલીકી કબજા પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી આવેલ છે જેઓના વારસોમાં કુલ પાંચ પુત્ર સંતાન હતા જેમાં નં.(૧) માવાભાઈ હાસુભાઈ, (૨) અજાભાઈ હાસુભાઈ, (૩) મોતીભાઈ હાસુભાઈ, (૪) ડાહ્યાભાઈ હાસુભાઈ, (૫) મુળજીભાઈ હાસુભાઈનો સમાવેશ થાય છે. જે પૈકી મુળજીભાઈ હાસુભાઈ નાઓ નિર્વંશ આશરે ૫૦ વર્ષ પહેલાં ગુજરી ગયેલા. તે જ રીતે વાદી નં.૨ બબુબેન અજાભાઈને સદરહું મીલકતમાં કોઈ લાગભાગ, હકક હિસ્સો મેળવવો ન હોઈ અને તેમના લાગભાગ, હકક હિત તેમના ભાઈ અજાભાઈની તરફેણમાં જતો કરે છે. સદરહું કામની દાવાવાળી મીલકતમાં વાદીઓ તથા પ્રતિવાદીઓના ઉપરોકત દર્શાવેલ વડીલો હિન્દુ કાયદા પ્રમાણે સરખો હિસ્સો ધારણ કરે છે. તે પ્રમાણે સદરહું મીલકતના બધા પક્ષકારોના ઉપરોકત દર્શાવેલ ચાર વડીલો વચ્ચે વહેચણી કરતા દરેકના ભાગે હે.આરે.૦-૩૨-૮૮ ચો.મી. હિસ્સો આવે છે. આજ થી આશરે એકાદ માસ અગાઉ સદરહું કામની ઉપરોકત દાવાવાળી મીલકત બાબતે ગામના તથા સમાજના આગેવાનો થકી બંને પક્ષકારો વચ્ચે મજકુર મીલકતમાં આવેલા પોતાના હિસ્સા બાબતે ઉપરોકત દર્શાવ્યા પ્રમાણે હિસ્સા મુજબ વહેચણી થયેલ અને દરેક પક્ષકારના વડીલના હિસ્સે ઉપર દર્શાવેલ હિસ્સા પ્રમાણે આવેલ જમીન સ્થળ પર વહેચણી કરી દરેક પક્ષકારના હિસ્સાની જમીન અલગ કરી તેને માટીની પાળી બનાવી સ્થળ ઉપર હિસ્સા અલગ કરેલ છે. જે નીચે મુજબ છે.

(એ) ગુજ માવાભાઈ હાસુભાઈના વારસદારોના હિસ્સે આવેલ જમીન હે.આરે.૦-૩૨-૮૮ ચો.મી.ના ચાર ખુંટનું વર્ણન...

પુર્વ : ગુજ.અજુભાઈ હાસુભાઈના વારસોના હિસ્સાની જમીન

પશ્ચિમ : ગુજ.મોતીભાઈ હાસુભાઈના વારસોના હિસ્સાની જમીન

ઉત્તરે: મહેન્દ્રસીંહ કેસરીસીહની જમીન

દક્ષિણે : નાગરભાઈ મોરારભાઈની જમીન

(બી) ગુજ.અજુભાઈ હાસુભાઈના વારસદારોના હિસ્સે આવેલ જમીન હે.આરે. ૦–૩૨–૮૮ ચો.મી.ના ચાર ખુંટનું વર્ણન....

પુર્વ : કાનજીભાઈ રત્નાભાઈની જમીન

પશ્ચિમ : ગુજ.માવાભાઈ હાસુભાઈના વારસોના હિસ્સાની જમીન

ઉત્તરે : મહેન્દ્રસીંહ કેસરીસીહની જમીન

દક્ષિણે : નાગરભાઈ મોરારભાઈની જમીન

(સી) ગુજ.મોતીભાઈ હાસુભાઈના વારસદારોના હિસ્સે આવેલ જમીન હે.આરે.૦–૩૨–૮૮ ચો.મી.ના ચાર ખુંટનું વર્ણન...

પુર્વ : ગુજ.માવાભાઈ હાસુભાઈના વારસોના હિસ્સાની જમીન

પશ્ચિમ ગુજ.ડાહ્યાભાઈ હાસુભાઈના વારસોના હિસ્સાની જમીન

ઉત્તરે: કાનજીભાઈ રત્નાભાઈની જમીન

દક્ષિણે : કાનજીભાઈ રત્નાભાઈની જમીન

(ડી) ગુજ.ડાહ્યાભાઈ હાસુભાઈના વારસદારોના હિસ્સે આવેલ જમીન હે.આરે.૦–૩૨–૮૮ ચો.મી.ના ચાર ખુંટનું વર્ણન....

પુર્વ : ગુજ.મોતીભાઈ હાસુભાઈના વારસોના હિસ્સાની જમીન

પશ્ચિમ :અશોકભાઈ દાનાભાઈની જમીન

ઉત્તરે : નાગરભાઈ મોરારભાઈની જમીન

દક્ષિણે : કાનજીભાઈ રત્નાભાઈની જુબાની

આમ, ઉપરોકત દાવાવાળી જમીન વાદીઓ તથા પતિવાદીઓના વડીલોના સરખા હિસ્સા પ્રમાણે ભાગે આવતી મીલકત તરીકે સ્થળ ઉપર મૌખિક વહેચણી કરી પોતપોતાના હિસ્સે આવતી જમીન કબજા સહ સંભાળી લીધેલ છે અને દરેકના હિસ્સાની વચ્ચે માટીની પાળી બનાવી દરેકના હિસ્સા અલગ અલગ કરેલ છે. સદરહું કામની ઉપરોકત દાવાવાળી મીલકત પૈકી અજાભાઈ હાસુભાઈના હિસ્સાની જમીનમાં વાદી નં.૩ થી ૭ નાઓએ સદરહું હિસ્સામાં દક્ષિણ દિશાએ વાદીના રહેણાકના બે મકાન ઈટેરી પતરાવાળા આવેલ છે. તેમજ સદરહું મકાનમાં

ડાહ્યાભાઈ અજાભાઈના વારસો પૈકી વાદી નં.૩ થી ૭ નાઓ રહે છે. સદરહું મકાન પુર્વ–પશ્ચિમ મુખના આવેલ છે તેમજ સદરહું મકાનના પુર્વ ભાગ તરફ વાદીએ જમવાનું બનાવવા સારુ કાચુ પતરા તથા પ્લાસ્ટીક નાંખી બે અડારા બનાવેલ છે જેમાં વાદીના માટીના ચુલા આવેલ છે. જેનો વાદી જીવન નિર્વાહ સારુ જમવાનું બનાવવા માટે ઉપયોગ કરે છે. સદરહું મીલકતની દક્ષિણ દિશાએ આવેલ તેમના કૌટુંબીક સગા કાનજીભાઈ રત્નાભાઈના બોરકુવાનું પાણી લઈ પીયત કરે છે અને સદરહું દાવાવાળી મીલકતમાં પોતપોતાનો હિસ્સામાં ડાંગર, બાજરી વગેરેનો પાક કરે છે. હાલમાં સદરહું દાવાવાળી મીલકતમાં વાદી તેમના હિસ્સામાં બાજરીનો પાક કરેલ છે. સદરહું દાવાવાળી મીલકત બાબતે વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે થયેલ ઉપરોકત વહેચણ પ્રમાણે નકકી થયેલ હિસ્સા સ્થળ ઉપર વિભાજીત થયેલ હોવા છતાં સદરહું કામના પ્રતિવાદી નં.૧ ના વારસોનો સદરહું મીલકતમાં પોતાના હિસ્સા કરતા વધારે હિસ્સો મેળવવો હોઈ જેથી યેનકેન પ્રકારે વધારે જમીન પચાવી પાડવા સારુ આજ થી આશરે દસેક દિવસ અગાઉ સદરહું પ્રતિવાદી નં.૧ ના વારસો વાદીઓની ઉપરોકત દાવાવાળી મીલકતના હિસ્સામાં આવી વાદીઓને ધાકધમકી આપવાનું શરુ કરેલ અને જણાવેલ કે, " દાવાવાળી જમીનમાં અમોને અડધો ભાગ આપો નહી તો અમો તમોને શાંતિથી જીવવા નહી દઈએ તેમજ તમને તમારા હિસ્સાની જમીન વાવવા પણ નહી દઈએ તેમજ ભવિષ્યમાં પણ સદરહું મીલકત રેવન્યુ રેકર્ડ હિસ્સા પ્રમાણે અલગ થવા પણ નહી દઈએ અને જો તમો તમારા હિસ્સાની જમીન વાવશો તો તમને જમીન વાવવા લાયક નહી મુકીએ. સીધી રીતે અમારી વાત માની સદરહું મીલકત પૈકી અડધી મીલકત અમારા હિસ્સે આપી દો. ત્યારે વાદીએ તેઓને જણાવેલ કે, ' સમાજના તથા ગામના આગેવાનો થકી આપણી વચ્ચે જમીનની વહેચણી થયેલ છે અને તે પ્રમાણે જમીન માટીની પાળી બનાવી અલગ અલગ હિસ્સા પ્રમાણે કરેલ છે. તમો શું કામ ખોટુ કરો છો ? તેમ જણાવેલ ત્યારે તેઓએ જણાવેલ કે, 'અમોને આ બધી વહેચણી પસંદ નથી સીધી રીતે અમોને અડધો હિસ્સો આપી દો નહી તો તમારા હિસ્સમાં વાવવા લાયક નહીં મુકીએ.' તેમ કહી વાદીઓને તેમના હિસ્સાની જમીન વાપર ઉપભોગ કરતાં રોકવાનો પ્રયત્ન કરેલ અને ધાકધમકીઓ આપેલ. જેથી વાદીને ઉપરોકત સમાજ તથા ગામના આગેવાનો થકી થયેલ વહેચણી પ્રમાણેનો વાદીઓનો કાયદેસરનો હિસ્સા માટે

કાયદેસરનું રક્ષણ મેળવવા સારુ સદરહું કામના પ્રતિવાદી નં.૧ થી ૭ વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ મેળવવા સારુ તેમજ મજકુર મીલકત અંગે થયેલ કાયદેસરની વહેચણી પ્રમાણેનો હિસ્સા પ્રમાણેનું ડેકલેરેશન મેળવવા સદરહું દાવો કરવાની જરૂર પડેલ છે. પ્રતિવાદીઓ તેમના કહેલા કથનમાં ફાવી જાય તો વાદીને તેમના કાયદેસરના વારસાઈ હકકવાળી મીલકતના તેમના કાયદેસરના હિસ્સામાંથી હાથ ધોઈ નાંખવા પડે તેમજ સદરહું મીલકતના હિસ્સામાં નુકશાન થાય. જેથી સદરહું પ્રતિવાદી વિરુધ્ધ માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણાંથી પણ ન પરવડે તેવું ગંભીર તેમજ પારાવાર નુકશાન થાય તેમ છે તે મધ્યે વાદીએ ફકત તેમના હિસ્સા પુસ્તુ રક્ષણ મેળવવા સદરહું દાવો કરેલ હોઈ સદરહું પ્રતિવાદીઓને સદરહું દાદ મંજુર કરતા કોઈપણ પ્રકારનું નુકશાન થાય તેમ નથી. વાદીઓને પ્રાયમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે. પ્રતિવાદી નં.૨.૩ ને ફોરમલ પક્ષકાર તરીકે જોડેલ છે.

સદર દાવો કરી દાદ માંગેલ છે કે, (અ) મોજે ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકાના ઘોડાસર ગામના રેવન્યુ રેકર્ડ ચાલતા બ્લોક નં. ૭૪–૧ વાળી ખેતીની જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે. આરે. ૧–૩૧–૫ર ચો.મી. આકાર રૂા.૬–૮૪ પૈસાવાળી જમીન જેનો ખાતા નંબર–ર૪૬ વાળી જુની શરતની જમીન અંગે દાવામાં દર્શાવ્યા પ્રમાણે થયેલ વહેચણે કાયદેસર જાહેર કરી દાવાવાળી મીલકત અંગે દરેક પક્ષકારના હિસ્સા મુજબનો હિસ્સો વિભાજન કરી આપવા અંગેનો યોગ્ય હુકમ કરવા તથા (બ) સદરહું દાવાવાળી મીલકતના વાદીઓના હિસ્સામાં સદરહું કામના પ્રતિવાદીઓ ખેતી કરતા તેમજ વાપર ઉપભોગ કરતાં રોકે રોકાવે નહી તેમજ કોઈપણ જાતની અડચણ અવરોધ ઉભો કરે કરાવે નહી તેવો વાદીઓના લાભમાં તથા સદરહું કામના પ્રતિવાદીઓની વિરુધ્ધમાં કાયમી જાથુનો મનાઈ હુકમ ફરમાવવા, (ક) નામદાર કોર્ટને યોગ્ય અને વાજબી લાગે તેવી હરકોઈ દાદ અપાવવા અરજ કરેલ છે.

આ ફરીયાદ આજરોજ શ્રી એમ.એસ.સોની, પ્રિન્સીપાલ સીવીલ જજ, મહેમદાવાદની રૂબરૂ વાદીઓ તરફે વિ.વકીલશ્રી એ.પી.સીધી તથા પ્રતિવાદી નં.૧/૨ (એ),(બી),(સી), ૧/૬(બી)(સી), ૧/૭(એ), ૧/૮(એ) તરફે વિ.વ.શ્રી આર.આર.દેસાઈ તથા પ્રતિવાદી નં.૩ તરફે વિ.વ.શ્રી પી.ડી.મકવાણા તથા પ્રતિવાદી નં.૧/૧(એ), (સી), (ડી), ૧/૪, ૧/૬(એ) તરફે કોઈ હાજર નથી ની હાજરીમાં આખરી નિકાલ માટે નીકળવાથી આંક–૫૫ ના હુકમથી એવું ફરમાવવામાં આવે છે તથા એવું **<u>પ્રાથમીક હુકમનામું</u>** કરી આપવામાં આવે છે કે :

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આથી એવો હુકમ કરવામાં આવે છે કે, મહેમદાવાદ તાલુકાના મોજે ગામ ઘોડાસરના રેવન્યુ રેકર્ડે ચાલતા સીમના બ્લોક/સર્વે નં.૭૪/૧ વાળી ખાતા નં.૨૪૬, હે.આરે. ૦૧–૩૧–૫૨, ચો.મી.આકાર રૂા.૬.૮૪ પૈસાવાળી જુની શરતની જમીનમાં માવાભાઈ હાસુભાઈના વારસો તથા અજુભાઈ હાસુભાઈના વારસો તથા મોતીભાઈ હાસુભાઈના વારસો તથા ડાહ્યાભાઈ હાસુભાઈના વારસો દરેક પક્ષકારના હિસ્સે હે.આરે.ચો.મી. ૦–૩૨–૮૮ જેટલી જમીન આવેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં મહેમદાવાદ તાલુકાના મોજે ગામ ઘોડાસર સીમના બ્લોક/સર્વે નં. ૭૪/૧, ખાતા નં.૨૪૬ ની હે.આરે.૦–૩૨–૮૮ વાળી જમીન જે માવાભાઈ હાસુભાઈના વારસોના ભાગે આવેલ તથા મોતીભાઈ હાસુભાઈના વારસોના ભાગે આવેલ હે.આરે. ૦–૩૨–૮૮, જુની શરતની ખેતીની આવેલ જમીનમાં તેઓના હિસ્સામાં પ્રતિવાદીઓ તેમને ખેતી કામ કરતાં રોકે રોકાવે નહી તેમજ જમીનના વાપર ઉપભોગ કરતાં રોકે રોકાવે નહી તેમજ કોઈપણ જાતની અડચણ કરે કરાવે નહી તેવું ઠરાવવામાં આવે છે.

(૩) દાવા અરજીમાં જણાવેલ મિલ્કત જમીન જે ખેડાણવાની હોવાથી અને સરકારની મહેસુલની ચુકવણી માટે આકારણી પાત્ર હોવાથી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૨૦, રુલ–૧૮ તથા કલમ–૫૪ ની જોગવાઈઓ ધ્યાને લેતા ઉપર જણાવેલ મિલ્કતો

(જમીન)ની વહેંચણી કરવા માટે કલેકટરશ્રી મહેમદાવાદને પ્રાથમિક હૂકમનામાના અમલીકરણ માટે એટલે ઉપરોકત મિલ્કતોની ઉપજ–નીપજ સાથે વહેંચણી કરવા કોર્ટ કમિશ્નર તરીકે નિયુકત કરવામાં આવે છે. કલેકટરશ્રીએ પોતે કે તેમના વતી તેમના તાબા હેઠળના કોઈ ગેઝેટેડ મહેસૂલ અધિકારી મારફત પ્રાથમિક હુકમનામાની અમલીકરણની કાર્યવાહી કરી શકશે.

વધુમાં, હૂકમ કરવામાં આવે છે કે, કોર્ટ કમિશ્નરશ્રી આખરી હૂકમના પેરા નં–૧ માં જણાવેલ મહેમદાવાદ તાલુકાના મોજે ગામ ઘોડાસરના રેવન્યુ રેકર્ડે ચાલતા સીમના બ્લોક/સર્વે નં.૭૪/૧ વાળી ખાતા નં.૨૪૬, હે.આરે. ૦૧–૩૧–૫૨, ચો.મી.આકાર રૂા.૬.૮૪ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન જેમાં વાદીઓ માવાભાઈ હાસુભાઈના વારસોના ભાગે આવેલ હે.આરે.૦–૩૨–૮૮, તથા મોતીભાઈ હાસુભાઈના વારસોના ભાગે આવેલ હે.આરે.૦– ૩૨–૮૮, ખેતીની જમીનની વહેંચણી કરતા પહેલાં વહેંચણી કરતા સમયે બોમ્બે પ્રિવેન્શન ઓફ ફ્રેગમેન્ટેશન એન્ડ કોન્સોલીડેશન ઓફ હોલ્ડીંગ્સ એકટ–૧૯૪૭ ની જોગવાઈઓ ધ્યાનમાં લેવાની રહેશે. કોર્ટ કમિશ્નરશ્રીએ અહેવાલમાં ફાળવેલ જગ્યાનું માપ બતાવવા અલગ–અલગ સાહીઓ (કલર) નકશો તૈયાર કરશે. કોઈપણ મિલ્કત પેટા વિભાજીત હોવાના કિસ્સામાં દરેક પેટા મિલ્કતનો વિસ્તાર અહેવાલમાં આપવાનો રહેશે અને તે પણ જણાવવાનું રહેશે કે જમીનને કેવી રીતે વિભાજીત કરવી. શેડયુલ અને નકશા સાથેનો અહેવાલ જે કોઈ હોય તેને કમિશન સાથે જોડવાના રહેશે. કમિશનપત્ર મળ્યેથી દિન–૬૦ માં ઉપરોકત અહેવાલ કોર્ટમાં રજુ કરવાનો રહેશે. રીપોર્ટ અને અહેવાલ અંગે પક્ષકારો જે વાંધો ઉઠાવશે તે સાંભળ્યા પછી તે પુષ્ટી કરશે. ભીન્ન થશે તો અલગ રાખશે. વધુમાં, એવો હૂકમ કરવામાં આવે છે કે, પ્રાથમિક ડીક્રીના અમલીકરણ માટે હાલના તબકકે આ કામના વાદીઓએ રૂ.૫,૦૦૦/– કોર્ટમાં જમા કરાવવા અને કોર્ટ કમિશનની કાર્યવાહી દરમ્યાન જે કોઈ વધારે ખર્ચો થાય તે અંગે આ કામના વાદીઓએ બાંહેધરી રજુ કરવી. કમિશનપત્ર ઈસ્યુ કરતા પહેલા સદર કામના ખર્ચની રકમ તેમજ બાંહેધરી રજુ કરવાની હોય યોગ્ય

હૂકમ માટે સદર કામ તારીખ:૧૬/૦૨/૨૦૨૪ ના રોજ મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) હુકમ મુજબ પ્રાથમીક હુકમનામુ દોરવું.

(૫) દાવાના ખર્ચ અંગે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

## ખર્ચનો આંકડો

| વાદીને થયેલો | રૂા. | પૈસા | પ્રતિવાદીને થયેલો | રૂા. | પૈસા |
|---|---|---|---|---|---|
| ૧. ફરિયાદ અરજીનો સ્ટોપ | ૨૧૦ | ૦૦ | ૧. સામાદાવા અથવા ઉલટા | | |
| ૨. મુખત્યારનામાનો સ્ટોપ | ૦૨ | ૦૦ | દાવાના સ્ટોપ | ૦૨ | ૦૦ |
| ૩. રજુ કરેલા કાગળોનો સ્ટોપ | | | ૨. મુખત્યારનામાનો સ્ટોપ | | |
| કુલ આગળ આપ્યા પ્રમાણે | | | ૩. રજુ કરેલા કાગળોનો સ્ટોપ | | |
| ૪. સાક્ષીઓની ખોરાકી | | | કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૫. ફરિયાદમાંના દાવા ઉપર | | | ૪. સાક્ષીઓની ખોરાકી | | |
| પ્લીડરની ફી | ૧૦૦ | ૦૦ | ૫. પ્લીડરની ફી | ૧૦૦ | ૦૦ |
| સામા દાવા ઉપર પ્લીડરની ફી | | | પ્લીડરની ફી–સામા દાવા ઉપર | | |
| ૬. પ્રોસેસ બજવણી | ૨૦૦૦ | ૦૦ | ૬. પ્રોસેસ બજવી | | |
| ૭. કમિશનની ફી | ૧૫૦૦ | ૦૦ | ૭. કમીશનની ફી | | |
| ૮. તરજુમાની ફી | | | ૮. તરજુમાની ફી | | |
| ૯. નકલની ફી | | | ૯. નકલની ફી | | |
| ૧૦. મુલતવી રાખવા બદલ | | | ૧૦. મુલતવી રાખવા બદલ | | |
| આપેલ | | | આપેલા | | |
| ૧૧. વારસોને દાખલ કરવા | | | | | |
| બાબતની અરજી ઉપરનોસ્ટોપ | | | | | |
| કુલ | ૩૮૧૨ | ૦૦ | કુલ | ૧૦૨ | ૦૦ |
| **નહિ આપેલો ખર્ચ** | ૦૦ | ૦૦ | **નહિ આપેલો ખર્ચ** | ૦૦ | ૦૦ |
| ફરિયાદ અરજી ઉપર પ્લીડરની | | | સામા દાવા ઉપર | | |
| ફી | | | પ્લીડરની ફી ઉપર | | |
| પ્રોસેસ ઉપર રજુ કરેલા કાગળો | | | પ્રોસેસ ઉપર રજુ કરેલા કાગળો | | |
| ઉપર (આગળ જુઓ) | | | ઉપર (આગળ જુઓ) | | |
| બાકી... | ૦૦ | ૦૦ | બાકી... | ૦૦ | ૦૦ |

આજ તારીખ ૧૯ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

હુકમનામું તૈયાર કરનાર :–

મુકાબલ કરનાર :–

(એમ.એસ.સોની)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
મહેમદાવાદ.

વાદીઓ તરફે વિ.વકીલશ્રી એ.પી.સીધી
પ્રતિવાદી નં.૧/૨(એ),(બી),(સી),૧/૬(બી)(સી),
૧/૭(એ), ૧/૮(એ) તરફે વિ.વ.શ્રી આર.આર.દેસાઈ
પ્રતિવાદી નં.૩ તરફે વિ.વ.શ્રી પી.ડી.મકવાણા
પ્રતિવાદી નં.૧/૧(એ), (સી), (ડી), ૧/૪, ૧/૬(એ) તરફે કોઈ હાજર નથી.

**(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માંહેથી અપીલનો નિકાલ થયા પછી, કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહીં આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે. )**